વિકલાંગ વ્યક્તિઓ માટે સરકારી નોકરીઓમાં અનામત રાખી શકાય તેવી જગ્યાઓ પર કેવા પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂંક થઇ શકે તે અંગે વિચારણા કરવા કરવા માટેની બેઠક તા.૨૮/૩/૨૦૧૪ ના રોજ ૧૬.૦૦ કલાકે તથા તા. ૧૯-૦૪-૨૦૧૪ના રોજ ૧૨-૦૦ કલાકે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સમિતિ ખંડમાં અગ્ર સચિવશ્રીના અધ્યક્ષપદે યોજવામાં આવેલ,જે અંગેની કાર્યવાહી નોંધ.

---

વિકલાંગ ધારા-૧૯૯૫ની જોગવાઇઓ અનુસાર સરકારી સેવાઓમાં ૩ ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઇ થયેલ છે.આ જગ્યાઓ પર નિમણૂંક માટે કેવા પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવારો ચાલી શકે તે નક્કી કરવા માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૧/૨૦૦૦ ના ઠરાવ ક્રમાંકઃઅપગ /૧૦૯૯/૪૩૦/છ-૧ થી વિભાગના અગ્ર સચિવશ્રીના અધ્યક્ષપદે પેટા તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે. જે સંદર્ભમાં સદરહુ સમિતિની તા.૨૮/૩/૨૦૧૪ તથા તા. ૧૯-૦૪-૨૦૧૪ના ની બેઠકમાં નીચે મુજબના સભ્યશ્રીઓ/અધિકારીશ્રીઓ હાજર રહેલ.

| | | |
|---|---|---|
| ૧. | અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષશ્રી |
| ૨. | સંયુક્ત સચિવશ્રી(ક.ગ.),સામાન્ય વહીવટ વિભાગ | સભ્યશ્રી |
| ૩. | કમિશ્નર,આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૪. | મદદનીશ કમિશ્નરશ્રી,કમિશ્નરશ્રી વિકલાંગના પ્રતિનિધી | સભ્યશ્રી |
| ૫. | નિયામકશ્રી,સમાજ સુરક્ષા. | સભ્યશ્રી |
| ૬. | નાયબ સચિવશ્રી(રોસ્ટર), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય સચિવશ્રી |
| ૭. | સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ | |

૨. શરૂઆતમાં અગ્ર સચિવશ્રીએ સહુને આવકારી બેઠકની કાર્યવાહી શરૂ કરી હતી.સદરહું બેઠકમાં નીચે દર્શાવેલ વિભાગોએ તેમના દ્વારા સંચાલિત સંવર્ગોમાં વિકલાંગ વ્યક્તિઓ માટે વિકલાંગતા નક્કી કરવા /મુક્તિ /સુનિશ્ચિત કરવા અંગેની દરખાસ્તો રજૂ કરેલ,જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વિભાગનું નામ | જગ્યાનું નામ | સંવર્ગ |
|---|---|---|---|
| ૧. | શ્રમ-રોજગાર વિભાગ | સરકારી શ્રમ અધિકારી [illegible] | વર્ગ-૨ [illegible] |
| ૨. | કૃષિ અને સહકાર વિભાગ | ગુજરાત સહકારી સેવા | વર્ગ-૧ |

| ક્રમ | વિભાગનું નામ | જગ્યાનું નામ | સંવર્ગ |
|---|---|---|---|
| ગુજરાત સહકારી સેવા | | | વર્ગ-૨ |
| ૩. | ઉધોગ અને ખાણ વિભાગ | નાયબ નિયામક અને પ્રોજેક્ટ મેનેજર | વર્ગ-૧ |
| | | ઇન્ડસ્ટ્રીયલ પ્રમોશન ઓફિસર આસી.ડાયરેક્ટર,ટેક્ષટાઇલ ઓફિસર | વર્ગ-૨ |
| | | ટેકનીકલ આસી.(પાવરલુમ),વિવિંગ સુપરવાઇઝર,ફોરમેન. એન્ફોર્સમેનન્સપેક્ટર વગેરે | વર્ગ-૩ |
| ૪. | અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ | મદદનીશ નિયામક | વર્ગ-૨ |
| | | હેડ કલાર્ક/ઇન્સ્પેક્ટીંગ ઓફિસર | વર્ગ-૩ |
| | | સીનીયર કલાર્ક | વર્ગ-૩ |
| ૫. | ગૃહ વિભાગ | નિયામક નશાબંધી અને આબકારીની કચેરી | |
| | | નિયામક | વર્ગ-૧ |
| | | નાયબ નિયામક | વર્ગ-૧ |
| | | જીલ્લા અધિક્ષક | વર્ગ-૧ |
| | | જીલ્લા અધિક્ષક | વર્ગ-૨ |
| | | નિરીક્ષક | વર્ગ-૩ |
| | | નાયબ નિરીક્ષક | વર્ગ-૩ |
| | | જમાદાર | વર્ગ-૩ |
| | | સિપાઇ | વર્ગ-૩ |
| ૬. | મહિલા અને બાળ વિકાસ વિભાગ | મહિલા અને બાળ અધિકારી | વર્ગ-૧ |
| ૭. | રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ | **ભાષા નિયામકની કચેરી** | |
| | | ભાષા નિયામક | વર્ગ-૧ |
| | | ભાષાંતરકાર | વર્ગ-૩ |
| | | જુનિયર કારકુન | વર્ગ-૩ |

-3-

૯૫

| ક્રમ | વિભાગનું નામ | જગ્યાનું નામ | સંવર્ગ |
|---|---|---|---|
| | | **ગ્રંથાલય નિયામકની કચેરી** | |
| | | ગ્રંથાલય નિયામક | વર્ગ-૧ |
| | | ગ્રંથપાલ | વર્ગ-૧ |
| | | મદદનીશ ગ્રંથાલય નિયામક | વર્ગ-૨ |
| | | જિલ્લા ગ્રંથપાલ/વ્યવસાયિક મદદનીશ | વર્ગ-૩ |
| | | મદદનીશ ગ્રંથપાલ | વર્ગ-૩ |
| | | ગ્રંથાલય કારકુન | વર્ગ-૩ |
| | | | |
| | | **સંગ્રહાલય ખાતુ** | |
| | | નિયામક | વર્ગ-૧ |
| | | નાયબ નિયામક | વર્ગ-૧ |
| | | મદદનીશ નિયામક | વર્ગ-૨ |
| | | સીનીયર કેમીસ્ટ | વર્ગ-૨ |
| | | ક્યુરેટર | વર્ગ-૨ |
| | | વહીવટી અધિકારી | વર્ગ-૨ |
| | | પીક્ચર રીસ્ટોરરવ | વર્ગ-૩ |
| | | મદદનીશ અધિક્ષક | વર્ગ-૩ |
| | | સંપર્ક અધિકારી | વર્ગ-૩ |
| | | આસિ.ક્યુરેટર | વર્ગ-૩ |
| | | મુખ્ય કારકુન | વર્ગ-૩ |
| | | હિસાબનીશ | વર્ગ-૩ |
| | | મોડેલર | વર્ગ-૩ |
| | | કેટલોગર | વર્ગ-૩ |
| | | કેમીસ્ટ | વર્ગ-૩ |

-૪-

| ક્રમ | વિભાગનું નામ | જગ્યાનું નામ | સંવર્ગ |
|---|---|---|---|
| | | કેમીકલ આસિ. | વર્ગ-૩ |
| | | ગાઇડ લેક્ચરર | વર્ગ-૩ |
| | | ગેલેરી આસિ. | વર્ગ-૩ |
| | | ટેક્ષીડર્મીસ્ટ | વર્ગ-૩ |
| | | સુથાર | વર્ગ-૩ |
| | | સીનીયર ક્લાર્ક | વર્ગ-૩ |
| | | ઓપરેટર કમ વાયરમેન | વર્ગ-૩ |
| | | વાયરમેન | વર્ગ-૩ |
| | | મોડેલીંગ હેલ્પર | વર્ગ-૩ |
| | | પીક્ચર રિસ્ટોરર હેલ્પર | વર્ગ-૩ |
| | | જુનિયર કારકુન | વર્ગ-૩ |
| | | ડ્રાયવર | વર્ગ-૩ |
| | | **પુરાતત્વ ખાતું** | |
| | | આસી. ઇજનેર | વર્ગ-૩ |
| | | પુરારક્ષણ સહાયક | વર્ગ-૩ |
| | | પ્રયોગશાળા સહાયક | વર્ગ-૩ |
| | | પ્રકાશન સહાયક | વર્ગ-૩ |
| | | સબ ઓવરસીયર | વર્ગ-૩ |
| | | તકનીકી સહાયક | વર્ગ-૩ |
| ૮. | સામાન્ય વહીવટ વિભાગ | સેકશન અધિકારી | વર્ગ-૨ |

સામાન્ય વહીવટ વિભાગે સેકશન અધિકારી, વર્ગ-૨, સંવર્ગમાં હલનચલનની વિકલાંગતા માટે OA, OL, BL પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવારોને માન્ય ગણવા દરખાસ્ત રજુ કરી,

સમિતિએ ચર્ચા વિચારણાને અંતે ભારત સરકારમાં નકકી થયા મુજબ OA, OL, BL,OLA, અને BLOA, પ્રકારની હલનચલનની વિકલાંગતા ધરાવતા ઉમેદવારોને અરજી પાત્ર ગણવાના રહેશે તે મુજબ સમિતિએ ભલામણ કરી.

-૫-

જુદા-જુદા વિભાગોની દરખાસ્તો પર ચર્ચા-વિચારણાના અંતે પેટા તજજ્ઞ સમિતિએ નીચે મુજબ ભલામણ કરેલ.

(૧) ભારત સરકારના જાહેરનામામાં ઉલ્લેખ થયેલ છે તે મુજબ તમામ વિકલાંગ કેટેગરીના ઉમેદવારોને પાત્ર ગણવાના રહેશે. જે સંવર્ગમાં B, LV અને HH ની વિકલાંગતા હોય ત્યાં હાલની આધુનિક ટેકનોલોજીને ધ્યાને લઇને ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધીની ( Profound/Total ) વિકલાંગતા ધરાવતા હોય તેવા તમામ ઉમેદવારોને પાત્ર ગણવાના રહેશે.તેમજ વિકલાંગ ઉમેદવાર પસંદગી પામે તેને જે તે વિભાગ/કચેરીએ જરૂરી સહાય, તાલીમ અને સાધનો ( Aids & Appliances )પૂરા પાડવાના રહેશે

(૨) જે સંવર્ગોનો ભારત સરકારના જાહેરનામામાં ઉલ્લેખ થયેલ ન હોય તેવા કિસ્સામાં સબંધિત સંવર્ગની કામગીરીને ધ્યાને લઇ જે તે વિભાગે પૂરતા વ્યાજબીપણા (Justification)સહિતની દરખાસ્ત પેટા તજજ્ઞ સમિતિ સમક્ષ મુક્તિ અથવા વિકલાંગતાની કેટેગરીમાં ફેરફાર માટે રજૂ કરવાની રહેશે પરંતુ જે સંવર્ગોમાં ભારત સરકારના જાહેરનામામાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ હોય તેવા સંવર્ગોની મુક્તિ કે કેટેગરીમાં ફેરફાર કરવાની દરખાસ્ત અત્રે ન મોકલતાં જાહેરનામામાં જણાવ્યા મુજબ જ અમલ કરવાનો રહેશે.

(૩) દરેક વિભાગોએ પોતાના જે સંવર્ગો હોય તેમાં વિકલાંગો માટે ૩ (ત્રણ) માસમાં જગ્યાઓ સુનિશ્ચિત (Identify) કરવા સમિતિએ ભલામણ કરી.

અંતમાં અન્ય કોઇ દરખાસ્તો કે મુદ્દાઓ વિચારણા માટે ન હોઇ હાજર રહેલ સભ્યો/ અધિકારીઓનો આભાર માની બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવી.

( એચ.જી ભાભોર)
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
સભ્ય સચિવ

(સી.એસ.રાજપાલ)
મદદનીશ કમિશ્નર
અશકતા આયુકતની કચેરી
સભ્ય

( સી.એમ.સદાદીયા )
સંયુક્ત સચિવ(ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
સભ્ય

( ડૉ.સુનીલ અવાશીયા )
અધિક નિયામક
કમિશ્નરશ્રી આરોગ્ય ની કચેરી
સભ્ય

( એસ.એસ.કાનાબાર )
I/c. નિયામક,સમાજ સુરક્ષા
સભ્ય

( એમ.એસ.ડાગુર )
અગ્ર સચિવ અને અધ્યક્ષ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ